RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 119 * Date: 18.02.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# બાંગ્લાદેશની શાન ઠેકાણે આવીઃ જયશંકર સાથેની બેઠકમાં કહ્યું- ભારતને નહીં થવા દઈએ કોઈ ખતરો



બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકારના વિદેશી મામલાઓના સલાહકાર તૌહીદ હુસૈને ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધો અને પાકિસ્તાનને લઈને મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. સાથે તેમણે બાંગ્લાદેશમાં લઘુમતીઓ સામે થઈ રહેલી હિંસાનો પણ જવાબ આપ્યો છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે શેખ હસીનાની સરકારનું પતન થયા પછી બાંગ્લાદેશમાં થયેલી રાજકીય ઉથલપાથલ અંગે ચર્ચા કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, 'ઢાકા તરફથી કોઈ એવું પગલું નહીં ભરવામાં આવે જે ભારત વિરુદ્ધ હોય.' આ દરમિયાન ઓમાનમાં ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર અને તૌહીદ હુસૈન વચ્ચે મુલકાત થઈ હતી.

તૌહીદ હુસૈને ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર સાથેની મુલાકાતને લઈને જણાવ્યું હતું કે, 'બંને દેશો વચ્ચે સારા સંબંધો હોવા જરૂરી છે. જયશંકર સાથે મારી મુલાકાત સારી રહી હતી. બંને દેશો વચ્ચે વેપાર વધી રહ્યો છે. મને લાગે છે કે બાંગ્લાદેશ અને ભારત વચ્ચે પરસ્પર લાભદાયક સંબંધોની જરૂર છે. અમે આ અંગે સતત કામ કરી રહ્યા છીએ.' હાલમાં જ બંગ્લાદેશમાં ધાર્મિક લઘુમતીઓ સામે થઇ રહેલી હિંસા અંગે એક રિપોર્ટ સામે આવ્યો હતો. જેના પર ભારતે ચિંતા વ્યક્ત કરી હતી. જેને લઈને હુસૈને કહ્યું હતું કે, 'હિન્દુ પણ મુસલમાનની જેમ બાંગ્લાદેશના નાગરિક છે. તેમની સુરક્ષા કરવાની જવાબદારી સરકારની છે અને અમે અમારી લઘુમતીઓની ધ્યાન રાખી રહ્યા છીએ. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આ કોઈ મુદ્દો ન હોવો જોઈએ. આ અમારો આંતરિક મામલો છે.'

પાકિસ્તાન સાથેના બાંગ્લાદેશના સંબંધોને લઈને તૌહીદ હુસૈને કહ્યું હતું કે, 'વિઝા સિસ્ટમને કારણે પાકિસ્તાનને અલગ રાખવામાં આવ્યું હતું. અમે પાકિસ્તાનને એક બીજા દેશ તરીકે જ જોઈએ છીએ. પાકિસ્તાનની સામાન્ય મુલાકાત પર પણ હોબાળો મચી જવો એ યોગ્ય નથી. અમે અન્યો દેશોની જેમ સંબંધો સામાન્ય કરી રહ્યા છીએ. જેમાં પાકિસ્તાનનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાન સાથેના સંબંધોને લીધે ભારતની સુરક્ષા પર કોઈ ખતરો આવશે નહીં.' ઢાકા ખાતે બાંગ્લાદેશના સ્થાપક શેખ મુજીબુર રહેમાનના ઘર પર કરવામાં આવેલા હુમલા અંગે હુસૈને કહ્યું કે, 'હું આને સાચું કૃત્ય માનીશ નહીં પરંતુ તેનું કારણ શેખ હસીના તરફથી આપવામાં આવેલું નિવેદન છે. હું ઈચ્છું છું કે હસીના ચૂપ રહે. હું એ પણ સ્પષ્ટ કરવા માંગું છું કે બાંગ્લાદેશની ઓળખ કોઈ એક ઈમારત નથી.

## દિલ્હી રેલવે સ્ટેશન પર હવે CRPF તહેનાતઃ ૨૬ ફેબ્રુઆરી સુધી પ્લેટફોર્મ ટિકિટ બંધ



નવી દિલ્હી રેલવે સ્ટેશન પર સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને દિલ્હી પોલીસ તહેનાત કરવામાં આવી છે. મહાકુંભ દરમિયાન વધતી ભીડને નિયંત્રિત કરવા માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે. આ ઉપરાંત રેલવેએ ૨૬ ફેબ્રુઆરી સુધી સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી કાઉન્ટર પરથી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ કરી દીધું છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, રેલવેએ ભવિષ્યમાં પિક સીઝન દરમિયાન નાસભાગ જેવી ઘટનાઓ ટાળવા માટે દેશનાં ૬૦ મુખ્ય સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા બનાવવાની યોજના બનાવી છે. મહાકુંભ પછી ૨૦૨૭માં નાસિક અને હરિદ્વારમાં પણ અર્ધકુંભનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત ૨૦૨૮માં મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સિંહસ્થ મેળાનું પણ આયોજન થવાનું છે. નવી દિલ્હી સ્ટેશન પર ૧૫ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૯:૨૬ વાગ્યે થયેલી નાસભાગમાં ૧૧ મહિલા અને ૫ બાળક સહિત ૧૮ લોકોનાં મોત થયાં હતાં. ૨૫ લોકો ઘાયલ થયા હતા. આ ઉપરાંત ૨૮ જાન્યુઆરીએ મોડીરાત્રે મૌની અમાવસ્યાના દિવસે મહાકુંભમાં થયેલી નાસભાગમાં ૩૦ લોકોનાં મોત થયાં હતાં.

એક કલાકમાં ૨૬૦૦ જનરલ ટિકિટ વેચાઈ હતી પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું કે નાસભાગના દિવસે (૧૫ ફેબ્રુઆરી) રેલવેએ નવી દિલ્હી સ્ટેશન પર દર કલાકે ૧,૫૦૦ જનરલ ટિકિટ વેચી હતી. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રેલવે પ્રોટેક્શન ફોર્સ ના જવાનોની તહેનાતી સંતુલિત નહોતી, જેના કારણે ભીડ બેકાબૂ થઈ ગઈ અને પરિસ્થિતિ વધુ વણસી ગઈ.

## ફડણવીસ સામે શિંગડા ભરાવવા તૈયાર શિંદે? મહારાષ્ટ્રમાં પ્રચંડ બહુમતી છતાં સરકારમાં ડખા

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી હલચલ મચી ગઈ છે. આ વખતે મહાયુતિની અંદર જ ડખા હોય તેવું લાગી રહ્યું છે. એવું લાગે છે કે એકનાથ શિંદે નારાજ છે અને દેવેન્દ્ર ફડણવીસથી અલગ જ ચાલી રહ્યા હોય એવું લાગે છે. અગાઉ, એકનાથ શિંદે ફડણવીસની સભાઓમાંથી ગાયબ રહ્યા હતા. હવે તેમણે એવો નિર્ણય લીધો છે, જેના કારણે એવું લાગી રહ્યું છે કે સીએમ-ડેપ્યુટી સીએમ વચ્ચેનો વિવાદ વધી ગયો છે. મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ મેડિકલ રિલીફ સેલ શરૂ કર્યું છે. મહારાષ્ટ્રમાં સીએમ રિલીફ ફંડ હોવા છતાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ પોતાની મેડિકલ રિલીફ સેલ શરૂ કર્યું છે.મંગેશ ચિવેટ-પાટીલને એકનાથ શિંદેના મેડિકલ રિલીફ સેલના વડા બનાવવામાં આવ્યા છે. એકનાથ શિંદેની મેડિકલ રિલીફ સેલ આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ લોકોને મદદ કરશે. કારણ કે આરોગ્ય વિભાગ એકનાથ શિંદે પાસે છે. એટલે કે, શિંદેની શિવસેનાના નેતા પ્રકાશરાવ અબિટકર હાલમાં આરોગ્યમંત્રી છે.

## વીડિયો કોલ નહીં ચાલે, ૨૪ કલાકમાં હાજર થાઓઃ સમય રૈનાને મહારાષ્ટ્ર સાઇબર સેલનો આદેશ

યુટ્યુબ શૉ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' વિવાદમાં કોમેડિયન સમય રૈનાનું નિવેદન રેકોર્ડ થવાનું છે. હાલ તે વિદેશમાં છે. યુટ્યુબર અને કોમેડિયન રૈનાએ મહારાષ્ટ્ર સાયબર સેલને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેમનું નિવેદન રેકોર્ડ કરવાની વિનંતી કરી હતી. જોકે, મહારાષ્ટ્ર સાયબર સેલે તેમને કોઈપણ પ્રકારની રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો.

આવતીકાલે ૧૮મી ફેબ્રુઆરીએ તેને કોર્ટમાં હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. આ સિવાય યુટ્યુબર રણવીર અલ્હાબાદિયાને મહારાષ્ટ્ર સાયબર સેલ દ્વારા ૨૪ ફેબ્રુઆરીએ હાજર થવાનું કહેવામાં આવ્યું છે. રૈનાને નિવેદન આપવા માટે વીડિયો કૉલ નહીં ચાલે, તેણે રૂબરૂમાં જ પોતાનું નિવેદન નોંધવું પડશે. સાયબર સેલે સમય રૈનાને આવતીકાલે એટલે કે ૧૮ ફેબ્રુઆરીએ તેનું નિવેદન નોંધવા માટે બોલાવ્યા છે. સમય રૈના હાલ અમેરિકામાં છે. તેનું કહેવું છે કે, 'કેટલાક કામના કારણે મારાથી ૧૭ માર્ચ પહેલા ભારત આવી શકાશે નહી.' આવી સ્થિતિમાં, તેણે સાયબર સેલને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પોતાનું નિવેદન રેકોર્ડ કરવા વિનંતી કરી હતી. પરંતુ, મહારાષ્ટ્ર સાયબર સેલે આ વાતને નકારી કાઢી છે.

## સાઉદી અરેબિયામાં રશિયા અને યુક્રેન વચ્ચે થશે શાંતિ વાર્તા?, ટ્રમ્પના નિર્ણયથી યુરોપ નારાજ



રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા લગભગ ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધ પર પૂર્ણવિરામ મૂકાવાનો અણસાર અમેરિકાએ આપ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા સાથે મળી આ યુદ્ધ સમાપ્ત કરવા સાઉદી અરેબિયા સાથે શાંતિ વાર્તા કરવા જઈ રહ્યા છે. જો કે, આ વાર્તાલાપમાં યુક્રેન અને યુરોપિયન દેશોની ગેરહાજરીએ મોટો સવાલ ઉભો કર્યો છે. રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા યોજાનારી બેઠકમાં યુક્રેન અને અન્ય કોઈ યુરોપિયન દેશને સામેલ કરવામાં ન આવતાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને તાત્કાલિક ધોરણે યુરોપિયન નેતાઓની બેઠક બોલાવી હતી. જે ૧૭ ફેબ્રુઆરીએ પેરિસમાં થવાની છે.અમેરિકા અને રશિયા સંયુક્તપણે સાઉદી અરેબિયા સાથે યુક્રેન યુદ્ધનો અંત લાવવા ચર્ચા કરવા જઈ રહ્યું છે. જેમાં યુરોપની ગેરહાજરીથી ચિંતા વધી છે. કારણકે, યુદ્ધ યુક્રેનમાં ચાલી રહ્યું છે, પરંતુ તેની ભાગીદારી નથી. યુક્રેનની આસપાસના દેશો યુરોપ ખંડમાં સામેલ છે. જેથી યુકે, જર્મન, ફ્રાન્સ, પોલેન્ડ સહિત ઈયુના વડાઓ પેરિસમાં બેઠક યોજી મહત્ત્વનો નિર્ણય લેશે. યુક્રેન-રશિયા યુદ્ધ વિરામ મામલે અમેરિકાની આ રણનીતિથી યુરોપ નારાજ છે.અમેરિકા, રશિયા અને યુએઈની બેઠક વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી રવિવારે મોડી રાત્રે યુએઈ પહોંચ્યા છે. જર્મનીના મ્યુનિખમાં સુરક્ષા સંમેલનમાં ભાગ લીધા બાદ ઝેલેન્સ્કી અબુ ધાબી પહોંચ્યા છે. રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે ઝેલેન્સ્કીની આ યુએઈની પ્રથમ મુલાકાત છે. યુક્રેનના આર્થિક બાબતોના મંત્રી અને પ્રથમ નાયબ વડાપ્રધાન યૂલિયા સ્વિરીડેન્કોએ સ્પષ્ટતા આપી ન હતી કે, ઝેલેન્સ્કીની આ યુએઈ મુલાકાત અમેરિકા-રશિયા બેઠક સંબંધિત છે કે નહીં. તેમણે આ મુલાકાતને આર્થિક સંબંધો ગાઢ કરવા હેતુ ગણાવી હતી.

# વિધાનસભામાં ગૌમાતા રાજ્યમાતા પ્રસ્તાવ સર્વાનુમતે પારિત કરો

ગાંધીનગર, તા.૧૭

ગૌમાતા રાષ્ટ્રમાતા પ્રતિષ્ઠા આંદોલન હેઠળ સમગ્ર ભારતમાં ગોધ્વજ પ્રતિષ્ઠા યાત્રા અંતર્ગત ૧૬/૧૧/૨૪ રોજ ગુજરાતમાં અમદાવાદ ખાતે સોલા વિદ્યાપીઠ મુકામે જ્યોતિષ્પીઠ શંકરાચાર્યના વરદ હસ્તે ગોધ્વજ સ્થાપના થયેલી. કાર્યક્રમ માં વિવિધ પક્ષના વિધાયક, સાંસદ, ગણમાન્ય નાગરિકો પણ હાજર રહેલા, જેમાં એકી સાથે ગોમાતાને રાજ્યમાતા તરીકે ઘોષિત કરવા વિવિધ પક્ષના નેતાઓ દ્વારા સ્વર ઊઠેલો. એ પ્રસ્તાવ બજેટ સત્રમાં લાવવામાં આવશે એવું આશ્વાસન પણ અપાયેલું. મહત્વપૂર્ણ બાબત એ છે કે ગુજરાતમાં સંપૂર્ણ ગોવંશ હત્યા બંદી કાયદો છે જ. હિન્દુની આસ્થાનું પ્રતીક અને સનાતન વૈદિક ધર્મ જેને વિશ્વ ની માતા તરીકે ઓળખાવે છે એ ગાયની નિર્મમ હત્યા આજે પણ સ્વતંત્ર ભારત માં ચાલુ જ છે. ગોમાતા રાષ્ટ્રમાતા પ્રતિષ્ઠા આંદોલન દરમ્યાન જ મહારાષ્ટ્ર ગાયને રાજ્યમાતા બનાવવાળું ભારતનું પહેલવહેલું રાજ્ય બન્યું. જો આજ ક્રમમાં ભારતના બધા રાજ્ય અથવા બહુમત રાજ્ય આ રીતે પ્રસ્તાવ પારિત કરે તો ગોમાતા ટૂંક જ સમય માં રાષ્ટ્રમાતા તરીકે પ્રતિષ્ઠા પામે. વિશ્વમાતા તરીકે ખ્યાત ગોમાતા રાષ્ટ્રમાતા રૂપે પ્રતિષ્ઠિત થાય એમાં ભારત ના દરેક ધર્મના લોકોની મંજૂરી છે. હિન્દુઓ ની આ માંગ ને બાકીના ધર્મ નું સમર્થન છે જ. તો આવી ધાર્મિક ભાવનાને સમજી વહેલામાં વહેલી તકે ગુજરાત પણ ગાયને રાજ્યમાતાનું પદ આપી




ગાયની સુરક્ષા, પાલન, સંવર્ધન ના માર્ગ પર કટિબદ્ધ થાય. સંતો, મહંતો, ગોભકતો વતી ગુજરાતના તમામ ધારા સભ્યોને આગામી વિધાન સભા સત્રમાં કોઈ પણ પક્ષ કે ધારાસભ્ય ગોમાતાને રાજ્યમાતા બનાવવા ખરડો રજૂ કરે તો તમામ ધારાસભ્યો એ પક્ષ, વિપક્ષના ભેદભાવ ભૂલીને એક સાચા ગોભકત તરીકે ગોમાતા ને રાજ્યમાતા ઘોષિત કરવા એક સ્વર થી સંપૂર્ણ સમર્થન જાહેર કરશે એવો અમને વિશ્વાસ છે. તે માટે તેમને તમામ હિન્દુઓ વતી અપીલ કરવામાં આવેલ છે. જો ભારત સરકાર દ્વારા ૧૬ માર્ચ સુધી આ આંદોલન અંતર્ગત ગોમાતા ને રાષ્ટ્રમાતા જાહેર કરવાના કોઈ ઠોસ પગલાં નહિ લેવાય તો ૧૭ માર્ચે દિલ્લી ના રામલીલા મેદાન થી જ્યોતિષપીઠ શંકરાચાર્ય સ્વામિશ્રી અવિમુકતેશ્વરાનંદ સરસ્વતીજી ના અગવાની માં એક રાષ્ટ્રવ્યાપી આંદોલન નો શંખ ફૂંકાશે. ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ આ પત્રકાર વાર્તા સંત શ્રી અવધૂત રામાયણીની આગેવાનીમાં યોજાઈ જેમાં ગોસેવાલયના ગુજરાત રાજયના અધ્યક્ષ ગોભકત કાલિદાસ બાપુ, ડૉ સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્ય, પરમ ધર્મસંસદના પ્રવક્તા શ્રી કિશોર શાસ્ત્રી, જ્યોતિષપીઠના પ્રવક્તા ડૉ ગાર્ગી પંડિત, ધર્માંસદ શ્રી કન્હૈયાલાલ પંડ્યા, વરિષ્ઠ ગૌ-ભક્ત હસુભાઈ ઠાકર, મહંત ધર્મદાસબાપુ, ગૌ રક્ષક ભરવાડ ભરતભાઈ કાંતિભાઈ ગાગડ, રવિરાજસિંહ ભુપેન્દ્રસિંહ વધેલાઆદિ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી લેખ

# ટ્રમ્પની ટેરિફ પોલિસીને કારણે ભારતમાં મોંઘવારી વધશે

ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ પોલિસીના કારણે આગામી સમયમાં ભારતને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. મોંઘવારી દર પણ ઝડપથી વધવાની શક્યતા છે. ઝોહોના સંસ્થાપક શ્રીધર વેમ્બુનું કહેવું છે કે અમેરિકા સંતુલિત દ્વિપક્ષીય વેપાર પર જોર આપી રહ્યું છે અને રેસિપ્રોકલ એટલે કે પારસ્પરિક ટેરિફની ધમકી આપી રહ્યું છે. તેનાથી ભારતને આર્થિક સંકટનો સામનો કરવો પડી શકે છે.વેમ્બુએ આગળ કહ્યું કે ‘ભારત અમેરિકાને સોફ્ટવેર સેવાઓ નિકાસ કરે છે અને ચીનથી ઉપભોક્તા સામાન આયાત કરે છે. અમેરિકાની સાથે સરપ્લસ ચીનની સાથે ખાધથી વધુ છે. આ એડજસ્ટમેન્ટ ભારતના ચાલુ ખાતા નુકસાન પર દબાણ નાખી શકે છે જ્યાં સુધી ઘરેલુ ઉત્પાદનમાં ઝડપથી વૃદ્ધિ ન થાય.વેમ્બુએ કહ્યું કે ‘ચાલુ ખાતા નુકસાનને વધવાથી રોકવા માટે ભારતે ચીનથી ઉપભોક્તા વસ્તુઓની આયાતને ઘટાડવાની રીત શોધવી પડશે અને તેનો અર્થ છે ઘરેલુ ઉત્પાદન વધારવું. આ રાતોરાત થઈ શકતું નથી, તેથી ટૂંકા ગાળામાં આયાતિત ઉપભોક્તા વસ્તુઓની કિંમતો વધી શકે છે, જેનાથી મોંઘવારી વધવી સ્વાભાવિક છે. કોરોના મહામારી બાદથી અમેરિકાની સાથે ભારતનો ટ્રેડ સરપ્લસ ઘણો વધી ગયો છે. ૨૦૧૯-૨૦માં ૧૭.૩૦ અબજ ડોલરથી બમણુ વધીને ૨૦૨૩-૨૪ માં આ ૩૫.૩૩ અબજ ડોલર થઈ ગયું છે. આ ફેરફારની સાથે એક્સપોર્ટ બાસ્કેટમાં પણ ઉલ્લેખનીય પરિવર્તન થયું છે.નાણાકીય વર્ષ ૨૦૨૪માં ચીનની સાથે ભારતની વેપાર ખાધ ૮૫.૧ અબજ ડોલર સુધી પહોંચી ગઈ. જ્યારે એપ્રિલ અને ઓક્ટોબર ૨૦૨૪ ની વચ્ચે ચીની આયાતમાં દર વર્ષે ૯.૮% નો વધારો થયો. ચીન ભારતનું ટોપ ઈમ્પોર્ટ સોર્સ બનેલું છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વેપાર અસંતુલનને લઈને ચિંતિત છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી,આજે મતગણતરી, ઉત્સુકતાનો આવશે અંત

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ગતરોજ ૬૬ નગરપાલિકા,૩ તાલુકા પંચાયત અને એક મહાનગરપાલિકાની મતદારોના અદમ્ય ઉત્સાહ સાથે યોજાયેલી ચૂંટણીના સરેરાશ ૫૬.૬૦ ટકા મતદાન બાદ ચૂંટણી લડતા તમામ ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ મશીનમાં શીલ થઈ ગયું છે.ચુસ્ત બંદોબસ્ત વચ્ચે તમામ ઈ.વી.એમને સ્ટોગરૂમમાં સલામત રીતે મુકવામાં આવ્યા છે.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ રાજકીય પાર્ટીઓ વિશ્લેષકો અને ઉમેદવારો થયેલ મતદાનના ટકાવારી પ્રમાણે હાર-જીતના દાવા માંડતા દેખાઈ રહ્યા છે.રાજ્યમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો ઉપર સૌની નજર ટેકવાઈ છે.ત્યારે આજે જે તે વિસ્તારમાં સ્થાનિક ચૂંટણી અધિકારીની નિગરાની હેઠળ ચુસ્ત બંદોબસ્ત વચ્ચે રાઉન્ડ પ્રમાણે મતગણતરી હાથ ધરાશે.મતગણરી માટે તંત્ર દ્વારા પણ તડામાર તૈયારીઓ આરંભી દેવાઈ છે.તો કેટલાક ઉમેદવારો મતગણતરી અગાઉ જ ડી.જે.,અબિલ ગુલાલ સહિતની વ્યવસ્થા કરી દીધી હોવાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

# તલોદ ન.પા.ચૂંટણી,આજે મત ગણતરી,જો જીતા વૉહી સિકંદર....

સ્થાનિક સ્વરાજ્યની સાબરકાંઠા જિલ્લાની તલોદ નગરપાલિકાની ગતરોજ યોજાયેલ ચૂંટણીમાં ૭૩ ટકા જેટલુ મતદાન નોધાયા બાદ ૬૨ જેટલા ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ મશીનમાં શીલ થયું છે.મતદાન કરતા મતદારોમાં પરિણામની જાણે તાલાવેલી જાગી હોય તેમ ઉત્સુકતા જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સાબરકાંઠા જિલ્લાની તલોદ નગરપાલિકાની ગતરોજ ચૂંટણી માટે મતદાન યોજાયું હતું.જેમાં વોર્ડ નં.૧ માં ૭૧.૩,વોર્ડ નં.૨માં૬૪,વોર્ડ નં.૩માં ૭૦.૭,વોર્ડ નં.૪માં ૬૪.૩,વોર્ડ નં.૫માં ૭૪.૫,વોર્ડ નં.૬માં ૭૩.૭ ટકા મતદાન નોધાયુ છે.જેમાં સૌથી વધુ વોર્ડ નં.૫માં ૭૪.૫,અને વોર્ડ નં.૨ માં સૌથી ઓછુ ૬૪ ટકા મતદાન નોધાયું છે.ત્યારે જે વોર્ડમાં વધુ મતદાન થયું છે.ત્યાં ચૂંટણી પરિણામોમાં ધારણા કરતા પરિણામો બદલાઈ શકવાની સંભવનાઓ રાજકીય વિશ્લેષકો માંડી રહ્યા છે.હવે જો.અને તો ની સ્થિતી વચ્ચે સમગ્ર નગરજનોની નજર ચૂંટણી પરિણામો ઉપર ટેકવાઈ છે.ત્યારે નગરપાલિકામાં પુનરાવર્તન કે પરિવર્તનનો પવન ફુંકાય છે ? કોની ડીપોજીટ ડૂલ થશે ?અપક્ષો કોની બાજી બગાડશે ? જનતા જનાર્દન સંપૂર્ણ બહુમતી સાથે કોને જીતના આશીર્વાદ આપે છે તેની ઉત્કંઠાનો આજે અંત આવી જશે.ચૂંટણી પરિણામો આજે જાહેર થવાના હોઈ કેટલાક જીતના પ્રબળ મનાતા ઉમેદવારોએ તો અત્યારથી જ ડીજે.અબિલ ગુલાલ,સહિતની તૈયારીઓ આરંભી દીધી છે.આજે મતગતણતરી મથકે મોટી સંખ્યામાં લોકો પરિણામ જાણવા ઉમટી પડનાર હોઈ સ્થાનિક તલોદ પોલીસ દ્વારા પણ પુરતો બંદોબસ્ત અને વ્યવસ્થા ઉભી કરાઈ છે.-દશરથ ઝાલા

# ગુજરાતના કૃષિ વિભાગે સરકારી નોકરીનું સપનું રોળ્યું, નવી જગ્યા ઉભી કરવાને બદલે ૧૪૪ જગ્યાઓ રદ કરી



રાજ્યમાં સતત શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સરકારી નોકરી માટે જગ્યા પડે છે ત્યારે ૧ પોસ્ટ માટે ૧૦થી ૨૦ ગણા ઉમેદવારી ફોર્મ ભરાય છે. યુવાનો સરકારી નોકરી માટે રાત-દિવસ જોયા વિના સતત સરકારી નોકરીની તૈયારી કરી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના નિયંત્રણ હેઠળ આવેલા ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ નિગમની ૧૪૪ જગ્યાઓ રદ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. જેને લીધે સરકારી નોકરીની તૈયારીઓ કરતા યુવાનોમાં નિરાશા વ્યાપી ગઇ છે. પ્રાપ્ત માહિતી અનુસાર સરકારી નોકરીની તૈયારી કરતા ઉમેદવારો માટે માઠા સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા વેર હાઉસ નિગમની ૧૪૪ જગ્યાઓ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ગ-૩ અને વર્ગ-૪ આ જગ્યાઓ પર ભરતી કરવાને બદલે હયાત જગ્યાઓ રદ કરવામાં આવી છે. આ સમાચારથી સરકારી નોકરીની તૈયારીઓ કરી રહેલા ઉમેદવારોમાં નિરાશા વ્યાપી જવા પામી છે. ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ નિગમ દ્વારા રજૂ થયેલા દરખાસ્ત પર વિચારણા બાદ આ નિયમનું અમલ થશે. કૃષિ અને સહકાર વિભાગના સચિવે જણાવ્યું કે આ પગલું વિભાગની કાર્યક્ષમતા અને કાર્યક્ષેત્રની સુધારણા માટે મહત્વપૂર્ણ છે.અત્રે ઉલ્લેખનીય છે એક તરફ સરકાર દ્વારા યુવાનોને રોજગાર અને નોકરીની મોટી મોટી વાતો કરી રહી છે. ત્યારે સરકારના જ કૃષિ વિભાગ દ્વારા જગ્યાઓ રદ કરવાનો વિચિત્ર નિર્ણય કેમ લેવામાં આવ્યો તે પ્રશ્ન ઉમેદવારોને સતત સતાવી રહ્યો છે. એક તરફ યુવાનો સરકાર દ્વારા મોટી ભરતી બહાર પાડવામાં આવે તેની રાહ જોઇ રહ્યા છે, જેના માટે રાત દિવસ મહેનત કરી રહ્યા છે.

# ચિત્રગુપ્તના ચોપડામાં શું ગરબડ થઈ?

‘ અસંભવમ્. ‘ ચિત્રગુપ્તે ઔષ્ઠ ફફડાવી સ્વગત ઉચ્ચાર કર્યો .લેખાપાલ વિચલિત થાય તે આવકાર્ય કે સ્પૃહણીય પરિસ્થિતિ ન રહેવાય. ચિત્રગુપ્તનું ચિત ચકરાવે ચડી ગયેલ .ચિત્રગુપ્ત આખલો કોઇને શીંગડે ચડાવી ગોથે ચડાવે તેમ ગોથે ચડેલા. ચિત્રગુપ્તનું ચિત ચલિત થઇ ઘટિકાયંત્રના લોલકનું માફક આંદોલિત. ચિત્રગુપ્ત સ્થિતપ્રજ્ઞ પ્રકૃતિના લેખાપાલ. જાતકોના કર્મોના નિષ્પક્ષ અને તટસ્થ લેખાજોખા રાખીને સમગ્ર દેવતાગણના હદય જીતી લીધેલા.કર્મ, સત્કર્મ કે દુષ્કર્મનું કોઇ ઇદમ્ તૃતિયમ્ ન હોય.

‘ આ કેવી રીતે સંભવ બને?’ ચિત્રગુપ્તે મનની વાત ન કરી. અપિતું, મનને સવાલથી અચંબિત હતા.કદાચ આંતર બ્રહાંડીય ષડયંત્ર હોઇ શકે. કદાચ વિપક્ષી અસૂરના હસ્ત-ચરણ હોઇ શકે.વિધાતાનો પણ સાથસહકાર હશે કે શું? વિધાતાના લેખ મિથ્યા ન થાય. પરંતુ, અમે વિધાતાના લખેલા લેખમાં પણ છેકછાક કે છેડછાડ થઇ રહી છે. ષડયંત્રકારોનું પ્રયોજન-આયોજન શું હશે?યવનોનું પ્રપંચ હશે ?ચિત્રગુપ્તનું મન ઉદ્વિગ્ન થયું. ચિત્રગુપ્ત આસન પરથી ઉભા થયા. શીતળ જળથી મુખ પ્રક્ષાલન કર્યુ. તામ્ર પાત્રમાં શીતળજળ ભર્યું. આખું તામ્રપત્ર ગટગટાવી ગયા. કિન્તુ, મનનો ઉત્પાત શાંત ન થયો.ચિત્રગુપ્તે નારાયણ નારાયણ મંત્રજાપ કર્યો. ચિત્રગુપ્તની માનસિક સ્થિતિ અંશતઃસ્થિર થઇ.

‘ છેલ્લા પખવાડિયાથી ગરબડ ગોટાળાનો આરંભ થયેલ છે. ચિત્રગુપ્તે એક એક નોંધ સ્વયં તપાસી-ચકાસી હતી. તમામ નોંધો યોગ્ય હતી. જાતકના સાત ભવના પાપપુણ્ય, સંચિત કર્મોની નોંધમાં કોઇ ઘાલમેલ ન હતી. તો પછી કયો મયુર કળા કરી ગયો?’ચિત્રપુપ્તે સંનેપાત કર્યો.

‘ દમંયતિના હાથમાં મૃત માછલી મુકવામાં આવે તો તે માછલી સજીવન થાય તેવું વરદાન હતું. પરંતુ, અત્રે તો અનેક આત્માના હિસાબો સ્પર્શ કરો અને ગાયબ થાય તેવું બન્યું છે. દુન્યવી શરીરનો ત્યાગ કરીને આત્મા પરત ફરે ત્યારે તેના પાપપુણ્યના આધાર પર તેના ભવિષ્યનો નિર્ણય કરવામાં આવે. બધાના પાપ ભૂંસાય જાય તો તેમને ઊકળતા તેલની કડાઇ કે આગમાં શેકવાની સજા કેવી રીતે કરી શકાય? સ્વર્ગમાં તો અમસ્તી પણ ભીડ છે. આ બધાના પાપ નદારદ થાય તો તમામ આત્મા સ્વર્ગના અધિકારી બની જાય. જો એમ થાય તો સ્વર્ગ ધારાવી ઝૂંપડીપટી ન બની જાય? તો તો તો મહાપાતક અને મહાનર્થનું નિર્માણ થઇ જાય.’ ચિત્રગુપ્તનું વિચાર વલોણું સમુદ્ર મંથનની જેમ ચાલતું રહ્યું.

‘ હવે દીનદયાળ ભગવાન વિષ્ણુંને શરણે જઇ યથેચ્છ માર્ગદર્શન મેળવવું જ સમુચિત રહેશે. અન્યથા મારું ચસ્કી જશે.’ આમ, વિચારી ચિત્રગુપ્ત ભગવાન વિષ્ણું રાસે જવા પ્રસ્થાન કર્યુ.

‘ ભગવાન વિષ્ણુને મારા પ્રણામ પાઠવી મારા આગમનની સૂચના આપવાનું કષ્ટ કરવા પ્રાર્થના છે.’ ચિત્રગુપ્તે જય વિજય નામના દ્વારપાળને પોતાના આગમન અંગે પ્રભુને સૂચિત કરવા જણાવ્યું. જય વિજય પ્રભુ પાસે જઇ પરત આવ્યા.

‘ ભગવન, આપની પ્રતીક્ષા કરી રહ્યા છે.’ જયવિજયે મસ્તક ઝુકાવી ચિત્રગુપ્તને પ્રભુની આજ્ઞાથી અવગત કર્યા.

‘ ભગવન મારા કોટિ કોટિ પ્રણામનો સ્વીકાર કરો.’ચિત્રગુપ્તે કર જોડી પ્રભુ સન્મુખ ઉપસ્થિત થયા.

‘ ચિત્રગુપ્ત અંતકરણથી આપનું સ્વાગત કરૂં છું. મારા અહોભાગ્ય છે કે આપે અત્રે આગમન કર્યું.’ ભગવાન વિષ્ણુએ હસ્ત વડે આસન દેખાડી સ્થાન ચિત્રગુપ્તને ગ્રહણ કરવા અનુરોધ કર્યો.

‘ ભગવન ધન્યવાદ.’ આમ કહી ચિત્રગુપ્ત બિરાજમાન થયા. અનુચર ફળ-ફૂલ અને જળ મુકી ગયો.

‘ ચિત્રગુપ્ત ,શું હું આપના આગમનનું પ્રયોજન જાણી શકું ?’ ભગવાન વિષ્ણુએ ચિત્રગુપ્તના આગમનનું પ્રયોજન અંગે પૃચ્છા કરી.

‘ ભગવન, આપ તો અંતર્યામી છો. તમામ ગતિવિધિના પરિચાલક છો. નદી, સમુદ્રો, સૂર્ય, ચંદ્ર સર્વે આપને અધીન છે.’ ચિત્રગુપ્તે પ્રભુની સ્તુતિ કરી.

‘ ચિત્રગુપ્ત આપ પ્રસંશા કરી મને લજ્જિત ન કરો. મૂળ મુદા પર લક્ષ કેન્દ્રિત કરવા હું અનુરોધ કરૂં છું ‘ ભગવાને કહ્યું.

‘ ભગવન, મારી મતિ મારી ગઇ છે. હું મૂઢમતિ હોવાનું અનુભવું રહ્યો છું. પ્રભુ કેટલાય યુગોથી આત્માના કર્મોના હિસાબ રાખું છું. એક પણ કર્મનો અધ્યપિ ગોટાળો થયો નથી. છેલ્લા કેટલાક દિવસથી કોઇ અદ્રશ્ય શક્તિ કે વ્યક્તિ અપ્રતિમ ચાલ ચાલી રહ્યો છે. લાખો લોકોના કર્મો અકારણ ક્ષીણ થઇ રહ્યા છે. સામે રાતોરાત પ્રલંબ દાઢીની માફક પુણ્યકર્મોમાં ઉલ્લેખનીય વૃધ્ધિ થઇ રહી છો ભગવન મારા સંશયનું નિવારણ કરો. અન્યથા મારે મારી સેવા અને જિંદગીનો લોપ કરવો જ રહ્યો.’ ચિત્રગુપ્તે વ્યથિત થઇ પ્રભુને નિવેદન કર્યું.

‘ ચિત્રગુપ્ત આટલી જ ક્ષુલ્લક ઘટના છે? આપ જેવા ધૈર્યના પુરૂષ વિચલિત થઇ રહ્યા છે? આપ તો સ્થિતપ્રજ્ઞ મહાત્મા છો. ગમે તેવી પરિસ્થિતિમાં પણ વિચલિત થવું સર્વથા ઉચિત અને યોગ્ય નથી. બ્રહ્માંડમાં જે કંઇ સૂક્ષ્માતિસૂક્ષ્મ કે બૃહદ ઘટના ઘટે છે તે મારી લીલાનો એક ભાગ હોય છે. આત્માના પાપપુણ્યના લેખાજોખામાં પરિવર્તન થાય છે તે મારી ઇચ્છાનો પ્રતિઘોષ છે.’ ભગવાન વિષ્ણુએ ચિત્રગુપ્તના ખભા પર હાથ મુકીને શીતળ ચંદનલેપ શી સાંત્વના આપી.

‘ પ્રભો, મુજ પામરને કાંઇ સમજાયું નહીં. પ્રભુ, શીરાનો કોળિયો સરળતાથી ગળે ઉતરી જાય તેવી સરળ ભાષામાં મને સમજ આપો.’ ચિત્રગુપ્તે વિનીતભાવે પ્રભુને અનુનય કર્યો.

‘ હે ચિત્રગુપ્ત આત્માના પાપપુણ્ય કે કર્મોની ખાતાવહીમાં કોઇ પ્રપંચ અંતર્ગત પાપની નોંધ અલોપ થતી નથી. કોઈનું કાવતરું પણ નથી. આર્યાવર્ત એટલે ભારતવર્ષના તીર્થ સ્થળ પ્રયાગરાજ ખાતે પ્રતિ શતઃ ચુમ્માલીહ વરસે મહાકુંભ મેળાનું આયોજન થાય છે. મહાકુંભમાં સ્નાન કરનાર આત્માના તમામ પાપ શીઘ્ર નાશ પામે છે.એટલે તમારા કર્મોના લેખાજોખામાં અસંતુલન થયું છે.’ ભગવાને ચિત્રગુપ્તને કહ્યું.

‘ પ્રભુ, આત્માને તેના પાપ કે દુરાચાર બદલ દંડિત કરી શકાશે નહીં.’ ચિત્રગુપ્તે સંશય વ્યક્ત કર્યો.

‘ ચિત્રગુપ્ત કદાપિ એવું બનશે નહીં. કેમ કે, કુંભ સ્નાન કરનાર આત્મા ઋષિમુની નથી.કુંભ સ્નાન પશ્ચાત્ આત્મા પાપાચાર પર પૂર્ણવિરામ મુકવાનો નથી. એટલે ચિંતા કરવાનું કોઇ કારણ નથી.’ પ્રભુએ જગતને સંમોહિત કરતું સ્મિત રેલાવતા ચિત્રગુપ્તને જણાવ્યું.

‘ નારાયણ નારાયણ’ કહેતાં ચિત્રગુપ્તના મન મસ્તિક પરનો ચિંતાનો બોજ દૂર થયો. ચિતાવરણ દૂર થતા પીછા જેવા હળવાફૂલ થઇને ગંતવ્ય સ્થાને પ્રસ્થાન કર્યુ.

ભરત વૈષ્ણવ

# મહાકુંભમાં ફરી આગ લાગી:એક મહિનામાં આગની પાંચમી ઘટના

સોમવારે બપોરે પ્રયાગરાજ મહાકુંભ મેળા પરિસરમાં ફરી એકવાર આગ લાગી હતી. સેક્ટર-૮માં લાગેલી આગને ફાયર બ્રિગેડે કાબુમાં લીધી છે. શ્રી કપિ માનસ મંડળ અને ગ્રાહક સુરક્ષા સમિતિના કેમ્પમાં આગ લાગી હતી. બંને કેમ્પમાં બે-બે તંબુ બળી ગયા છે. ચીફ ફાયર ઓફિસર પ્રશાંત સિંહ રાણાએ જણાવ્યું - લગભગ ૩ વાગ્યે અમને ટેન્ટમાં આગ લાગવાની માહિતી મળી. જે પછી તરત જ અમારા વાહનો અહીં પહોંચ્યા અને અમે આગ પર કાબુ મેળવ્યો. તે ખાલી તંબુ હતો, કોઈ જાનહાનિ થઈ નથી. વધુ તપાસ ચાલુ છે.૧૯ જાન્યુઆરીઃ સેક્ટર ૧૯માં ગીતા પ્રેસ કેમ્પમાં આગ લાગી; આ અકસ્માતમાં ૧૮૦ કોટેજ બળીને ખાખ થઈ ગયા. ૩૦ જાન્યુઆરીઃ સેક્ટર ૨૨માં આગ લાગી જેમાં ૧૫ તંબુ બળી ગયા. ૭ ફેબ્રુઆરીઃ સેક્ટર-૧૮માં આગ લાગી. આ અકસ્માત શંકરાચાર્ય માર્ગ પર થયો હતો, જેમાં ૨૨ મંડપ બળી ગયા હતા. ૧૫ ફેબ્રુઆરીઃ સેક્ટર ૧૮-૧૯માં આગ લાગી. તે બુઝાઈ ગઈ હતી. ૧૭ ફેબ્રુઆરીઃ સેક્ટર-૮માં આગ લાગી. આ ટૂંક સમયમાં કાબુમાં આવી ગઈ.

સેક્ટર-૮માં માહિતી મળતાં જ ઘટના સ્થળે પહોંચેલા ફાયર બ્રિગેડના કર્મચારીઓએ તાત્કાલિક આગ પર કાબુ મેળવ્યો હતો.સેક્ટર-૮માં માહિતી મળતાં જ ઘટના સ્થળે પહોંચેલા ફાયર બ્રિગેડના કર્મચારીઓએ તાત્કાલિક આગ પર કાબુ મેળવ્યો હતો.

આજે ફરી મહાકુંભમાં ભારે ભીડ છે. સાંજે ૪ વાગ્યા સુધીમાં, ૧.૦૮ કરોડ ભક્તોએ સ્નાન કર્યું છે. પ્રયાગરાજના તમામ ૭ એન્ટ્રી પોઈન્ટ જામ છે. ભીડને કારણે, દરિયાગંજ સ્થિત સંગમ સ્ટેશન ૨૬ ફેબ્રુઆરી સુધી બંધ કરવામાં આવ્યું છે. મહાકુંભમાં તહેનાત અધિકારીઓની ફરજ ૨૭ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે.મેળા વિસ્તારમાં વાહનોનો પ્રવેશ ફરીથી બંધ કરવામાં આવ્યો છે. તમામ પ્રકારના પાસ રદ કરવામાં આવ્યા છે.

# દિલ્હી સહિત ૫ રાજ્યોમાં ભૂકંપથી ધરા ધ્રુજી, ૪.૦ની તીવ્રતાના આંચકાથી ફફડાટ

દિલ્હી-એનસીઆરમાં આજે એટલે કે સોમવારે સવારે તીવ્ર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના આંચકાથી લોકો ડરી ગયા હતા.ગાઢ નિદ્રામાં સૂતા લોકોને પણ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ અને સમગ્ર એનસીઆરમાં આવેલો આ ભૂકંપ ખૂબ જ જોરદાર હતો. દિલ્હી-એનસીઆર પછી બિહાર, હરિયાણા, સિક્કિમ ઓડિશા અને બાંગ્લાદેશમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.દિલ્હી-એનસીઆરમાં ઘણી સેકન્ડો માટે ધરતી ધ્રૂજવા લાગી હતી.એપાર્ટમેન્ટ પણ પાંદડાની જેમ ઝૂલતા જોવા મળ્યા હતા નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે સોમવારે સવારે ૫:૩૬ વાગ્યે દિલ્હીમાં ૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અગાઉના ભૂકંપોથી વિપરીત, આ ભૂકંપ દિલ્હીમાં જ આવ્યો હતો અને તેનું ઉદ્ભવસ્થાન પૃથ્વીની સપાટીથી માત્ર ૫ કિમી નીચે હતું. ઘણા સમય પછી, દિલ્હી-એનસીઆરમાં લોકોએ આટલો જોરદાર ભૂકંપ અનુભવ્યો છે.તેનું કેન્દ્ર દિલ્હી હતું.લગભગ અઢી કલાક પછી, બિહારમાં ભૂકંપના આંચકા અનુભવાયા. સિવાન જિલ્લો તેનું કેન્દ્ર હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભૂકંપનું કેન્દ્ર સિવાન હતું. અહીં આવેલા ભૂકંપની તીવ્રતા ૪.૦ માપવામાં આવી હતી. અહીં, સોમવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા બાદ લોકો પોતાના ઘરની બહાર નીકળી ગયા હતા. જોકે, ક્યાંયથી કોઈ પણ પ્રકારના નુકસાનના સમાચાર નથી મળી રહ્યા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪ માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર નવી દિલ્હી હતું અને તેની ઊંડાઈ પાંચ કિલોમીટર હોવાનું કહેવાય છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ માહિતી આપી હતી.ભૂકંપના જોરદાર આંચકાને કારણે ઘણા વિસ્તારોમાં લોકો ગભરાઈને ઘરની બહાર નીકળી આવ્યા હતા. જોકે, અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂકંપ અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ટ્વિટ કર્યું. તેમણે લોકોને સાવધાન રહેવાની અપીલ કરી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ







**: N. O. G. S.S. No. 0102.**
વિષય:-મનની આંખે.
શીર્ષક :-મનની આંખે.
પ્રકાર :-પદ્ય .શબ્દ :-સંખ્યા:-૧૧૮.
મનની આંખ મળી મોહન તારી સાથે ,
બંધાણી ભવોભવની પ્રીત તારી સાથે .
મોહન આવ તને લડાવું અનેક લાડો ,
નીત નવા નવા શણગાર સજાવું .
પીરશું રોજ છપન ભોગ તને ભાવતા ,
વેણુ નાદે નૃત્ય કરી ગોપીઓને કરી ઘેલી .
મનની આંખે તે મને પણ કરી ઘેલી ,
વ્રજમાં અનેક લીલા કરી ભાંગ્યા અનેક ગર્વ .
ગોવર્ધન ધારણ કરી કર્યું ઈન્દ્રનું ગર્વ ખંડન,
બચાવ્યા ગોપ ગોપીઓને તારી લીલા અપરંપાર .
રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- મનની આંખો
શીર્ષક :- સનાતન દર્શન
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૧૧૧

ચર્મ ચક્ષુએ છે સંસાર, પામો સત્ય દર્શન મનની આંખે;
કામિની કાંચન જ, સત્તા-અહમ્ નર્કમાં નાંખે.

ધરતીને જાણી, માણી, મનવા ઉડો આકાશે મનની પાંખે;
તારું મન જ દર્પણ, સ્વ સ્વરૂપને નિત્ય નિરખે.

કામ...કામ...કામરસ મુક્તિ મેળવી, મન જ્યારે રામ રસ ચાખે,
મનમંદિર, મનપૂજા, મન દિવ્ય દર્શન પામે દિવ્ય આંખે.

દેહદર્શન થી દેવદર્શન મન આત્મજ્યોત અખંડ રાખો,
કર્મ કરવું જ છે તવ અધિકાર, મનમાંથી ફળને કાઢી નાંખો.

પ્રભુભક્તિ, સ્નેહ-સમર્પણ, સર્વમાં દિવ્યતા દેખો.
મારું તારું છોડી, સર્વ આત્મા સો પરમાત્મા પેખો.

ક્ષણિક નાશવંત સંસારે, સનાતન શાશ્વત વિસ્તરે,
સ્વ જાણી, દેહમાં દેવ, મહાદેવ શિવશક્તિ સદા પ્રેરે.

દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 387** વિષય: "મન ની આંખો " શીર્ષક: જીવનનો આનંદ
પ્રકાર: ગદ્યા શબ્દો: ૧૪૫
ખૂબ જ સુંદર વિષય સાથે આજે મારી નવી યાત્રા ના શ્રી ગણેશ કરી રહી છું.મન ની આંખો એટલે "આંતર ચક્ષુ". ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને નિમિત્ત બનાવી ને સમગ્ર માનવજાત ને ગીતામૃત પાયું છે . અર્જુન વિષાદ યોગ પછી શ્રી કૃષ્ણે અર્જુનના મનઃ ચક્ષુ ખોલ્યા.સંચિત કર્મો અને વાસ્તવિકતા નો સુમેળ સાધી શ્રેયકર અને પ્રેયકર સચોટ માર્ગદર્શન કર્યું.જે સમગ્ર માનવજાત માટે ખૂબ ઉપયોગી/લાભદાયી છે.
ચર્મચક્ષુ હોવાછતાં ખૂબ ધૂંધળું દેખાય છે.મન ની આંખો બંધ રાખવાથી ઘણું નુકસાન થયું છે.સ્વાનુભવ અને ઉંમર વધવાની સાથે મારી પણ આ રીતે "મન ની આંખો" ખુલી ગઈ છે.અને મારા આત્મવિશ્વાસ માં ઔર વધારો થતો મેં અનુભવ્યો છે.મને આવી સફર કરાવનાર વ્યક્તિઓ અને ખાસ ઈશ્વર ની ખૂબ આભારી છું.
આજે બોનસ ની જીંદગી માં હેલ્લારો, નિજાનંદ કરી મોજ થી અનમોલ માનવ જીવન નો આનંદ માણું છું.

પુનિતા બેન દવે -મણિનગર, અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - મનની આંખો
શીર્ષક - મનની આંખે નિહાળું.
પ્રકાર - પદ્ય, શબ્દ સંખ્યા - ૮૦
.......................................
મનની આંખોમાં મલ્હાર રાગ છલકે,
તારા શ્વાસોમાં પ્રેમની મહેંક છલકે,
આતો પ્રેમને તરબોળ કરે મહીં, ચિતડાથી ધરા પર આપણી...!

સારી નરસી નસલ ઉગે લાગણીની ,
મૌન આંખો ,મૌન શ્વાસોને મૌન મનગમતું કરે,
એ મનની આંખે નિહાળું તારો પ્રેમ,
તારા દલડાંની અનુભૂતિ કરું પ્રેમ...!

ઓળખ તારી નથી તો પણ મળવાની તલબ,
દીવાનગી લાગણી મારી મધુ સપનોની જેવી,
સપનાંની સીડી ચઢડી પ્રેમ..!

નાયનોમાં મધુરસ્વપ્ન મારા , ઉર્મિઓ છલકે મનની આંખોમાં,
શબ્દોમાં સુખદ તૃપ્તીની તૃષ્ણા જેવાં ,
શાશ્વતતા મારી સંધ્યાની લાલીમાં જેવી....!

સમય મારા સુખરૂપ શૃંગાર લાવે, જાણે ફૂલોની સુવાસ જેમ આત્માને સ્પર્શે મને,
મનની અવસ્થાઓનો વાસ્તવિક ચિતાર લાવે...!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No. 181**
વિષય : મનની આંખો
શીર્ષક:"શું માનવું? પ્રકાર: પદ્ય શબ્દો: ૯૫

કેટલું શુભ અશુભ છે "આંખોનું ફફડવું"
મનની આંખો ફફડે તો શું માનવું?...

કેટલું પીડાદાયક છે "આંખો આવવું",
મન ની આંખો આવે તો શું માનવું??....

કેવી રીતે કરે "આંખ આડા કાન" દુનિયા,
મનની આંખો થી ખરું ખોટું કેમ જાણવું??...

કોણ "આંખો નું આંજણ ગાલે ઘસે",
મનની આંખો ખોલે તો શું માનવું??..

ક્યારેક "આંખો થી અંધ પણ ગાંઠે પુરો"
મનની નબળી આંખો નું શાં કામનું??

કોઈને પોતાની "આંખોના પોપચાનો કાંઈ ભાર ન લાગે"
મનની આંખો ખુલે તો જીવન સમજતા વાર ન લાગે...

"કૌસુમી"??મારા મનને જોવા માટે મળી આંખો
પણ, મારા ઈશ્વર મળે છે મને બંધ આંખોમાં જ

??સુરમી બધેકા કૌસુમી??, મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.356**
વિષય: મનની આંખો
શીર્ષક: મન-ઉભયેન્દ્રિય!
પ્રકાર: અછાંદસ શબ્દ : ૯૫

મનની માનો વાતો, આજ મન કરે છે વાત!
દસ ઈન્દ્રિયો આપી ઈશ્વરે, રૂડી માનવજાત!

જ્ઞાનેન્દ્રિયો આંખ,નાક,જીભ,ત્વચા અને કાન,
કર્મેન્દ્રિયો હાથ,પગ,ગુદા, ઉપસ્થ અને મન!

મન એ ઉભયેન્દ્રિય, જ્ઞાન તથા કર્મ નો સંગમ,
મન જુએ માનવતા સારો રહે જો અભિગમ.

જુએ આંખ પિછાણી, મન આનંદ માણે!
જીભ જુદા રસ ચાખે, સુગંધ નાકથી તાણે,

સંદેશો સીધો મનને મળે ત્વચા જ્યારે બળે,
કર્મ કરતી ઈન્દ્રિયો જ્યારે મનનો વિચાર ભળે.

મનને આંખો આપી નથી, છતાંયે દેખી જાણે!
અદ્ભુત રચના પ્રભુ તારી, મનની આંખો માણે.

'મનની મનમાં રહી જશે' કહો તો કોઈ જાણે,
અંધાપો અજ્ઞાની ને નરકની ખાણમાં જ તાણે!
નામ: સુમિતા હીરપરા 'સુરીલી' વડોદરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 169**
વિષય - મનની આંખો
શીર્ષક - તને જ ઝંખ્યો છે
પ્રકાર - પદ્ય શબ્દો -૧૧૯

હૃદયમાં પ્રાણ પ્રતિષ્ઠા માધવ તારી કરી છે,
શ્વાસે શ્વાસે વાસુદેવ! રટણ તારું કર્યું છે.

જીવનનૈયા મેં તારે સહારે મઝધાર મૂકી છે,
સુકાન હરહંમેશ તારાં હાથમાં સોંપ્યું છે.

કીડીને કણ, હાથીને મણ તુંજ આપે છે,
સકળ વિશ્વનું સુચારું સંચાલન તું કરે છે.

હૃદયનું દ્વાર તુંજને મળવા ખુલ્લું રાખ્યું છે,
મનની આંખોએ સદાય તને જ ઝંખ્યો છે.

દરેક જીવમાં મોહન!તારા જ દર્શન કર્યા છે,
વેરી ને દુશ્મનનું પણ કાયમ ભલું ઈચ્છ્યું છે.

દ્રૌપદીની લાજ ભરસભામાં તે બચાવી છે
છબી કાયમ દિલમાં મેં તારી જ સજાવી છે.

અંત વેળાએ આવજે સાથે રાધાને લાવજે,
વેણુનાદ સંભળાવજે, સખા! દોડ્યો આવજે.

લતાબેન ચૌહાણ "સોનાવેલ" ગોધરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- ★મનની આંખો★
શીર્ષક-"★આંતચેક્ષુ★"
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૭

આપણા શરીરની બે આંખો એટલે કે ચક્ષુઓ દ્વારા આપણે જે કાંઈ જોઈએ છીએ તે આપણા દિમાગના પટલ ઉપર અંકિત થાય છે અને તે આપણા વાણી અને વર્તન માટે કારણભૂત બને છે. શરીરની આ બે આંખો એ સૃષ્ટિના દરેક સજીવ માટે સામાન્ય બાબત છે અને ખૂબ ઉપયોગી પણ છે. પશુ, પંખી, જળચર જીવો અને નાના જીવજંતુ અને મનુષ્ય સુધ્ધાં પોતાની આંખો વાટે પોતાની આજુબાજુ ઘટતી ઘટનાઓનું પ્રતિબિંબ ઝીલીને અનુરૂપ પ્રતિભાવ આપે છે.

આ બધામાં માત્ર મનુષ્ય એક વિચારશીલ અને બુદ્ધિજીવી પ્રાણી છે, જેની પાસે એક વિશેષ શક્તિ છે. તેની પાસે જેમ બાહ્યચક્ષુ છે તેમ આંતચેક્ષુ એટલે કે મનની આંખો પણ છે. જો આ મનની આંખોને જાગૃત કરવામાં આવે તો અસાધારણ અને અકલ્પ્ય પરિણામો પ્રાપ્ત થઈ શકે છે. નાની નાની બાબતોએ થતાં મનના ઉદ્વેગ અને વિહ્વળતાનું શમન કરવું પડે છે. મનની ચેતનાને જગાડવી પડે છે અને આ કાર્ય ધ્યાન અને સાધના દ્વારા સિદ્ધ થાય છે. મનની આંખો ખુલી જતાં મનની ચેતનાશક્તિ કામે લાગે છે. જીવનની
આભાર - નિહારીકા રવિયા ગૂંચવાડા ભરેલી પરિસ્થિતિઓમાં ખુલ્લી રાખેલ મનની આંખો દ્વારા શાંત ચિત્તે લેવાયેલો નિર્ણય હંમેશા પોતાના અને બીજાઓ માટે શ્રેયકર બને છે. કર્મની સાચી દિશાનો નિર્દેશ કરે છે.

આપણા શાસ્ત્રો અને પુરાણો તથા મહાગ્રંથોમાં પણ આંતચેક્ષુનો વારંવાર ઉલ્લેખ થયો છે. કેટલાય સંત, મહાત્મા અને મહર્ષિઓએ તપ અને સાધના વડે અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. ભગવત્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને વિષાદ દૂર કરવા તેને મન શાંત કરીને આંતચેક્ષુ ખોલવા કહે છે અને ગીતાનું મહાજ્ઞાન આપે છે અને ત્યારબાદ અર્જુન મહાભારતનું યુદ્ધ લડવા તૈયાર થાય છે. માનવીના આંતચેક્ષુ શુદ્ધ વિચારોને ઝીલે છે અને તેને પ્રતિબિંબિત કરે છે.

એટલે જ કહેવાય છે કે જ્યારે આપણે જીવનમાં કોઈ વિકટ પરિસ્થિતિનો સામનો કરતા હોઈએ ત્યારે કોઈપણ નિર્ણય મનથી લેવાયેલો હોવો જોઈએ. મન ક્યારેય ખોટું નથી બોલતું. મન ક્યારેય કોઈ સંકુચિતતા કે પૂર્વગ્રહમાં બંધાતું નથી. ક્યારેક ફક્ત બાહ્યચક્ષુથી જોઈને લેવાયેલો નિર્ણય અપરિપક્વ અથવા ઉતાવળો પણ હોઈ શકે છે, માટે શાંત ચિત્તે મનની આંખો દ્વારા પરિસ્થિતિ મુલવીને લીધેલો નિર્ણય વધુ હીતકારી નીવડે છે. વળી ક્યારેક પોતાના હિત માટે લેવાતો નિર્ણય આંતરમન અને આંતરસુઝથી લેવાયેલો હોય તો તે લાંબે ગાળે વધુ શ્રેયકર અને ઉચિત પુરવાર થાય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS No.: 0141***
★વિષય: "મનની આંખો"★
★શીર્ષક: "ઘાસપુસિયો સામાન(?)"★
★પ્રકાર: વાર્તા★ ★શબ્દો: ૩૫૦★

સવારે વાસિંદુ વાળતાં ધ્યાન ગયું કે, ઝરૂખાની પાળી પર મૂકેલ જુવાર-બાજરીના બે મુઠ્ઠી દાણા, જે ચપૂક ચપૂક હારબંધ મૂકેલ હતા તે, જેમના તેમ પડ્યા છે! રોજ આવતાં ચકાચકી આજે દેખાયાં નહિ. બાળકો બહારગામ ગયાં હોવાથી એમને બદલે મેં દાણા ચણવા મૂકેલા. મેં વિચાર્યું કે ચકાચકીને ખબર લાગે છે કે, બાળકો હાજર નથી! વાહ, પ્રકૃતિનો કેવો અદ્ભુત ઈશારો?
દરેકે જોયું હશે કે ચકાચકી હંમેશાં, કોઈ મકાન કે ફ્લેટની અંદરજ માળો કરે છે. ખુલ્લી જગ્યામાં નહિ! માળા માટે એવું સ્થાન શોધે છે કે, ત્યાં એકાદ બાળક, શૈશવ પસાર કરતું હોય! કિલ્લોલ કરતું હોય! એમને ઈશ્વરદત્ત એવું અદ્ભુત જ્ઞાન થાય છે. કુદરતની સરસ કરામત. અમારે ત્યાં થોડા સમયથી, બે ચકી, એક ચકો, બે હોલાં સવારમાં નિયમિત આવે છે. સાતથી નવ સુધીમાં. આ સમય સિવાય પણ દિવસ દરમિયાન ગમે ત્યારે આવે. એમને કોઈ બંધન નહિ! પક્ષીને તો, આ પાંખો ફફડાવી ઉડયાં, હવા પર સવાર થઈ જ્યાં ચણ દેખાઈ ત્યાં, એયને... ઉતરી પડ્યાં.

હમણાંથી તેઓ માળો કરવા માટે દોરા, સળીઓ, કોમળ ઘાસ વગેરે લાવતાં થયાં હતાં. મેં વિચાર્યું, ચકાચકી જો ફ્લેટમાં માળો કરે તો, એમને અંદર આવવા જવા માટે કોઈ એક બારી, બારણું, નહિ તો છેવટે હવાબારું પણ, કાયમને માટે ખુલ્લું રાખવું પડે! વિટંબણા એ કે અહીં બે બિલાડી પણ રાત્રીના આંટાફેરા મારે છે. અમારે ગમે ત્યારે ક્યાંક બહાર જવાનું થાય તો રાત્રીના, ચકાચકી અને એમનાં આવનાર બચ્ચાંનું શું? બિલાડીથી જો અમો ના બચાવીએ તો પાપ લાગે! અજ્ઞાત ભય સતાવતો થયો. એનું કારણ પણ હતું કે, પહેલાં અમો જ્યાં રહેતાં હતાં ત્યાં છાસવારે, રાની બિલાડીઓ કબૂતરોનો શિકાર, પલકવારમાં અમારી નજર સામેજ કરી જતી અને અમો કશો બચાવ કરી શકતાં નહિ.

ચકોચકી પ્રવેશે નહી તે માટે મેં બારી બારણાં બંધ કર્યા. એક એક કરી લાવેલાં ઘાસનાં દસેક તરણાં, લીંબડાની બે પાંચ સળીઓ, દોરાના થોડા કટકા, સાવરણીથી વાળતાં વાળતાં તો મને, પરસેવો લાગી ગયો. મન ઉદ્વિગ્ન થઈ ગયું. કેટકેટલી મહેનત કરી, ચાંચમાં તરણાં વગેરે ઉપાડી, ફરરરર ઊડીને આવતાં એ ચકોચકી હવે બીજે ક્યાંથી અંદર આવી શકશે?

એમને આશ્રય આપવા, મનની આંખો ખુલી હોવા છતાં; હું ભીના હૃદયે, નિષ્ઠુર થઈ તે બધો "ઘાસપુસિયો સામાન(?)" વાળતો રહ્યો, હળવેકથી નીચી મૂકી કરીને...

નામ: રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 140**
વિષય: મનની આંખો
શીર્ષક: મન ઢૂંઢે શ્યામને
પ્રકાર: અછાંદસ શબ્દ: ૫૪

સુંદર સીડવારના આકાશી રંગોમાં
મનડું જુએ રાધાની ચુંદડી .

વાસંતી વાયરો હળુ હળુ વાય
બંધ આંખે મોહનની મુરલી સંભળાય.

ગોધૂલિની રજ ઉડે ને મને ગોપબાળની ટોળી
આવતી જણાય.

સંધ્યાના સપ્તરંગો
નિહાળું તો મનની આંખે કાન્હાનું મોરપીંછ ભાસે.

ક્યાં શોધું ક્હાનને?
ગોકુળ વનરાવન કે યમુના તટે?

મનનાં ચક્ષુ કરે ખાંખાખોળા તો દીઠો શ્યામ મારા હૈયે રમતો.

લેખિકા: હેમા ત્રિવેદી ..કૃષ્ણપ્રિયા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 321**
વિષય "મનની પાંખો"
શીર્ષક. "સપના"
પ્રકાર ગદ્ય શબ્દ.૨૭૩

મન માનવીનું એક એવું શક્તિશાળી સાધન છે, જે તેને આકાશથી પણ ઊંચા સપનાઓ જોવાની અને પવનથી પણ ઝડપી ઉડાન ભરવાની શક્તિ આપે છે. ઈચ્છા, આશાઓ, સપનાઓ અને લક્ષ્યો – આ બધું મનમાં જ જન્મે છે અને જો મનમાં વિશ્વાસ હોય, તો આ બધું સાકાર પણ થઈ શકે.
મનની પાંખો ત્યારે જ ઊંચી ઉડાન ભરી શકે, જ્યારે તેને વિશ્વાસનો સાથ મળે. આપણું મન ઘણીવાર સંશય અને ડરથી ભરાઈ જાય છે, પરંતુ જો આપણે વિશ્વાસ રાખી, હિંમત સાથે આગળ વધીએ, તો સફળતા અવશ્ય મળે.
સપનાને સાકાર કરવા અમુક પગલાં લો જેમકે
સપનાને સ્પષ્ટ બનાવો – તમે શું હાંસલ કરવા માંગો છો, એ નક્કી કરો.
પ્લાનિંગ કરો – એક ચોક્કસ યોજના બનાવો, જેનાથી તમારા લક્ષ્ય સુધી પહોંચી શકાય.
અવિરત પ્રયત્ન કરો – દરરોજ કંઈક નવું શીખવા અને આગળ વધવા માટે પ્રયત્ન કરો.
હિંમત ન હારો – સફળતા અને નિષ્ફળતા જીવનના ભાગ છે. જો ક્યારેક નિષ્ફળતા મળે, તો પણ હિંમત ન હારવી.
ઘણાં લોકો ડરના કારણે પોતાના સપનાઓ પુરા કરી શકતા નથી. "હું એ કરી શકીશ?" કે "લોકો શું કહેશે?" જેવા પ્રશ્નો આપણા મનને સતાવતા હોય છે. પરંતુ જો આપણે આ ડરને જીતી લઈએ, તો મનની પાંખો ખૂલી જાય અને જીવનનું આકાશ પોતાનું થઈ જાય.
જીવનમાં મોટું બનવા માટે માત્ર મન નથી જોઈતું, પણ નિષ્ઠા, મહેનત અને ધીરજની પણ જરૂર હોય છે. જે લોકો મનના પંખીઓને સાચા અર્થમાં ઉડાન ભરવા દે છે, તેઓ જ સાહસિક બની શકે છે.
"મનની પાંખો" એ માત્ર કલ્પના નહીં, પણ એક શક્તિશાળી હકીકત છે. જો આપણે મનમાં હિંમત કરીએ તો કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકીશું. આપણી સાચી ક્ષમતાને ઓળખીને, મનને ઉડવા દઈએ અને સપનાઓને હકીકત બનાવીએ!
સુધી રાવલ

# સ્વયંને આધ્યાત્મિકતા સાથે જોડીને જીવનને સરળ બનાવો : સતગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ



સંત નિરંકારી મિશનના તત્વાવધાનમાં ગુજરાત અને રાજસ્થાનનો સંયુક્ત રાજય સ્તરીય ચાર દિવસીય નિરંકારી સંત સમાગમ રાજસ્થાનના ઉદયપુર શહેરમાં સતગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિતજીની પાવન છત્રછાયામાં સંપન્ન થયો,જેમાં ગુજરાત અને રાજસ્થાનના હજારો ભક્તોએ આધ્યાત્મિક-પ્રેમ અને વિશ્વબંધુત્વનો સંદેશ પ્રાપ્ત કર્યો.સતગુરૂ માતા સુદીક્ષાજી મહારાજે તેમના પ્રેરણાદાયક પ્રવચનોમાં પધારેલ ભાવિક ભક્તજનોને આત્મ-સાક્ષાત્કારનો માર્ગ અપનાવવાનો બોધ આપતાં કહ્યું કે જ્યારે જીવનમાં અહંકાર અને ભેદભાવ મટી જાય છે,પરમાત્માના દિવ્ય પ્રકાશથી અંતરાત્મા પ્રકાશિત થાય છે ત્યારે જીવન સહજ અને સરળ બને છે.ક્ષમા-પ્રેમ અને સેવાની ભાવના અપનાવીને જ આપણે બધા સાચા આનંદને પ્રાપ્ત કરી શકીએ છીએ. રાજપિતા રમિતજીએ પોતાના વિચાર વ્યક્ત કરતા કહ્યું કે સતગુરૂનો સંદેશ માનવમાત્ર સુધી પહોંચાડવા આહવાન કર્યું હતું,તેમણે કહ્યું હતું કે સતગુરૂ પ્રેમ અને સમર્પણના પાઠ શીખવે છે અને જયારે આપણે ઈર્ષ્યા અને દ્વેષની દીવાલો તોડીને પ્રેમને અપનાવીશું ત્યારે જ આપણે સાચી આધ્યાત્મિકતાનો અનુભવ કરી શકીશું.સંત સંમેલનમાં ભક્તોની ભજન અને કવિતાઓની મધુર પ્રસ્તુતિએ ભક્તોને આધ્યાત્મિક રસધારામાં તરબોળ કરી દીધા હતા.વિશાળ સંત સમાગમમાં પધારેલ તમામ ભક્તજનો માટે ભોજન વ્યવસ્થા,મેડિકલ સુવિધા,પાર્કિંગ અને અન્ય વ્યવસ્થા સુચારૂ રીતે ચલાવવામાં આવી હતી જેમાં સ્થાનિક વહીવટીતંત્રનો સંપૂર્ણ સહકાર હતો. કાર્યક્રમના ચોથા દિવસે વિશાળ સંત સમાગમનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યાર પહેલા ત્રણ દિવસીય 'નિરંકારી યુથ સિમ્પોજિયમ'નું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં યુવાનોને આધ્યાત્મિકતા અને સકારાત્મક ઉર્જા સાથે જોડાવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.આ વિશેષ સત્રમાં રમતગમત,સાંસ્કૃતિક કાર્યક્રમો અને છ તત્વો પર આધારિત મંથન દ્વારા યુવાનોએ નવી દિશા મેળવી હતી.સમાપન દિવસે ઉદયપુરના મહારાજ કુમાર લક્ષ્યરાજસિંહ મેવાડે પણ સતગુરૂ માતા સુદીક્ષાજી મહારાજનું સ્વાગત કરી આશીર્વાદ મેળવ્યા હતા.આ સમાગમમાં માત્ર એક આધ્યાત્મિક મિલન જ નહી પરંતુ સેવા-સમર્પણ અને પ્રેમની ભાવનાથી ઓત-પ્રોત એક દિવ્ય સંગમ હતો જેણે દરેક હૃદયને આનંદ અને આધ્યાત્મિક શાંતિથી ભરી દીધું હતું.ભક્તોએ સતગુરૂના આશીર્વાદથી આ અમૂલ્ય તકનો પૂરો લાભ લઈ જીવનને સરળ અને સાર્થક બનાવવાની પ્રેરણા પ્રાપ્ત કરી. તેમ ગાંધીનગરથી નિરંકારી મિશન ના મીડિયા સહાયક શ્રી કનૈયાલાલ દેવાણી ની યાદીમાં જણાવાયું છે.

# ભવન્સ કોલેજ, ડાકોરમાં અંગ્રેજી વિભાગ દ્વારા વિષય નિષ્ણાંતનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું



ભારતીય વિદ્યા ભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ. પી. આર્ટસ્-સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કોલેજના અંગ્રેજી વિભાગના ઉપક્રમે આજ રોજ 'એમ્પાવરીંગ લાઈફ થ્રુ લિટરેચર' વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. શ્રી આર. કે. માંડલિયાનું વ્યાખ્યાન, આર્ટસ-કોમર્સ-સાયન્સના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવ્યું . આ પ્રસંગે કોલેજના કા. આચાર્યશ્રી ડૉ. ટી. આર. ત્રિવેદીએ વક્તાને આવકાર્યા હતા. આ પ્રસંગે આર્ટસ વિભાગ કો. ઓર્ડિનેટર ડૉ. એ. કે. ચૌધરીએ શુભેચ્છાઓ પાઠવી અને આઈ.કયું.એ. સી અને નેક કો. ઓર્ડિનેટર ડૉ.સહજ ગાંધીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.અંગ્રેજી વિભાગ અધ્યક્ષ ડૉ. એચ. એસ. ભટ્ટે ઉપસ્થિત વક્તાનો શાબ્દિક પરિચય આપ્યો. આ કાર્યક્રમમાં પ્રો. એમ. આઇ મન્સુરી, સહ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ અંગ્રેજી વિભાગના અધ્યાપિકા ડૉ ઈશિતા પટેલે કરી હતી.

# ડાંગ જિલ્લાના માછળી ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ



આહવા

રાજ્યને પ્રાકૃતિક ખેતી તરફ લઈ જવા માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સતત પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે ડાંગ જિલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા અને ખેડૂતોમિત્રો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે તાલીમો, ખેતીલક્ષી પ્રેરણા પ્રવાસ, મોર્ડન ખેતીની મુલાકાત અને કિસાન ગોષ્ઠીનું આયોજન કરી માસ્ટર ટ્રેનર્સ દ્વારા ખાસ તાલીમ આપવામાં આવી રહી છે.તાજેતરમાં ડાંગના વઘઇ તાલુકાના કાલીબેલ ક્લસ્ટરમાં સમાવિષ્ટ માછળી ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ હતી. જેમાં કુલ-૨૫ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમમાં આત્મા પ્રોજેક્ટના માસ્ટર ટ્રેનર શ્રી રવીન્દ્રભાઇ સી. પવાર, દ્વારા રાસાયણિક ખાતરને બદલે જીવામૃત, ઘન જીવામૃત અને જીવાત નિયંત્રણ માટે નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્રનોનો ઉપયોગ અને મોર્ડન ખેતી અંગેની વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી.

# ભવન્સ કોલેજ ડાકોરની અપૂર્વ સિદ્ધિ

તા. ૧૫/૧૨/૨૦૨૪ ના રોજ શ્રી સરદાર પટેલ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના અધ્યક્ષ સ્થાને ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો.આ પદવીદાન સમારોહમાં ભવન્સ કોલેજ ડાકોરમાં અભ્યાસ કરનાર એક મુસ્લિમ કન્યા વ્હોરા નમીરા એ સંસ્કૃત વિષયની સાથે બી. એ. માં પ્રથમ રેન્ક પ્રાપ્ત કરીને સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. સંસ્થા ને આવું ગૌરવ અને અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ સંચાલક મંડળના માનદ મંત્રી શ્રીમતિ નિકિતા બેન ગાંધી મેડમ તથા તમામ હોદ્દેદારશ્રીઓ, કૉલેજના આચાર્યશ્રી ડૉ. ટી . આર.ત્રિવેદી, આર્ટસ વિભાગ ના કો ઓર્ડીનેટર ડૉ એ. કે ચૌધરી,ઙ્ગ કન્વીનર ડૉ સહજ ગાંધી, સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. વી . જી.પટેલ તથા સમગ્ર કૉલેજ પરિવાર અત્યંત હર્ષ અને ગૌરવ સાથે અઢળક અભિનંદન પાઠવે છે. ગ્રામ્ય વિસ્તારની આ દીકરી પોતાના ઉચ્ચ અભ્યાસક્ષેત્રે હજી પણ અનેક સફળતાના શિખરો સર કરે તથા ઉજ્જવળ કારકિર્દી બનાવે એવી શુભેચ્છાઓ



જન્મદિવસની અનોખી ઉજવણી, ઈનોવેટિવ કવીઝ દ્વારા જીજીઝ બોર્ડ ૨૦૨૫ પરીક્ષાની તૈયારીના ભાગરૂપે શ્રી પી.એમ. સર્વોદય હાઈસ્કુલના ઈનોવેટિવ શિક્ષકશ્રી મનીષ વિંઝુડા દ્વારા પોતાના જન્મદિવસની ઉજવણી ટેક્નોલોજી આધારિત"કૌન બનેગા વિદ્યાપતિ" ની કસોટીની આયોજન કરી કરેલ.કુલ ૧૩૮ વિધાર્થીઓ ભાગ લીધો હતો.જેમાં વિજેતા ભાવસાર મીત,સવાણી અક્ષ, રાઠોડ અમિત, ચૌહાણ સાહિલ,યાદવ તૃપ્તિ, પરમાર ધ્રુવિકા બન્યા હતાં.આ કસોટીના પ્રશ્નપત્રના અને પ્રોત્સાહીત ઈનામનો તમામ ખર્ચ જન્મદિવસ નિમિત્તે મનિષ વિંઝુડાએ આપ્યો હતો. **"manishvinzuda"** યુ ટ્યુબ દ્વારા ઓનલાઈન મેગા કોમ્પિટિશન અને ૧૫૦ દીવાદાંડી લેક્ચર પૂર્ણ કરી જીજીઝ બોર્ડ પરીક્ષાર્થીઓ માટે તૈયારી કરાવી રહ્યાં છે.

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષાના પદાધિકારીઓ ની મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી

શ્રી સમસ્ત. ગુજરાત બ્રહ્મ સમાજ ( રાજય કક્ષા ) દ્વારા આગામી માર્ચ ૧૫,૧૬,૧૭ ૨૦૨૫ ના યોજાનાર મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ - ૪ ને સફળ બનાવવા તથા તે અંગે વિસ્તૃત ચર્ચા અને સમિટ ના આયોજન ની વિવિધ જવાબદારીઓ સોંપવા માટે ગઈ કાલે કર્ણાવતી મહાનગર ના નારણપુરા સ્થિત ય્જીઞ મ્છદ્વ્દ્ધ ના હોલ માં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષા ના પદાધિકારીઓ ની મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી.

ભગવાન પરશુરામ ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠક ની શરૂઆત માં મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સંસ્થા ના ગુજરાત ના અધ્યક્ષ શ્રી ભરતભાઈ રાવલ દ્વારા સમિટ - ૪ ને સફળ બનાવવા અંગે માર્ગદર્શન આપવા માં આવ્યું હતું જ્યારે સંસ્થા ના મુખ્ય કન્વીનર શ્રી ડો.યજ્ઞેશ ભાઈ દવે દ્વાર સમિટ - ૪ અંગે ની વિસ્તૃત જાણકારી આપી અને બ્રહ્મ સમાજ ના દરેક વ્યક્તિ આ સમિટ માં સહભાગી બનવા આહવાન આપવા માં આવ્યું હતું. સંસ્થા સંગઠન મંત્રી ડો.અશ્વિન ભાઈ ત્રિવેદી દ્વારા ગત વર્ષો માં યોજાયેલા કાર્યક્રમો અંગે ની માહિતી આપી હતી તથા આ બેઠક માં પધારેલા વિવિધ મહાનુભાવો દ્વારા પ્રાસંગિક પ્રવચન દ્વારા સમાજ ના દરેક વ્યક્તિ સમિટ માં જોડાઈ સમિટ ને ભવ્ય રીતે સફળ બનાવવા હાકલ



કરવા માં આવી હતી.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સંસ્થા ના કાનૂની વિભાગ ના વકીલ શ્રી આશિષ ભાઈ મહેતા દ્વારા કરવા માં આવ્યું હતું અને તેમના દ્વાર ગુજરાત ના ૧૯ જિલ્લાઓ માં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષા દ્વારા ચાલતા નિઃશુલ્ક કાનૂની માર્ગદર્શન - સહાય કેન્દ્રો અંગે ની વિસ્તૃત માહિતી આપવા માં આવી હતી.કાર્યક્રમ ના અંતે સંસ્થા મીડિયા પ્રવકતા દિનેશભાઈ રાવલ દ્વારા બેઠક માં પધારેલા મહાનુભાવો અને પદાધિકારીઓ નો આભાર માન્યો હતો

# દોસ્તીને લપડાકપ ભાઈબંધને ભાઈબંધ ભારે પડ્યો એમા દેશ ખુદડો બોલી ગયો પપણ ભક્તોને એ ગળે ઉતરતુ નથી : મનહર પટેલ

આપણે અંધભક્તિનો નશો ઉતારવામાં કોઈ રસ નથી પણ હકીકત સમજીએપડોનાલ્ડ ટ્રમ્પ સત્તા પર આવતાની સાથે જ તેમણે અમેરિકામાં માસ ડિપોર્ટેશન શરૂ કરી દીધું છે જેમાં ભારતને પણ ન છોડ્યુપ.દેશ પુછે છે ક્યા ગઈ દોસ્તી ?અત્યાર સુધી ત્રણ ડિપોર્ટેશન ફ્લાઈટ ભારત મોકલી છે.ભારતીય ઘુસણખોરોને હાથકડીમાં ભારત ન મોકલવાની સ્ટ્રિમ્પને હિંમત પણ ન કરી શકયા મોદી.ભારતના માલસામાન ઉપર મોદીં જીછ પહોંચે તે પહેલા જ ટેરિફ ઠોકી દિધાપટેરિફ ઘટાડવામા મોદી નિષ્ફળપજયારે રશિયાથી મળતા સસ્તા ઓઈલની આયાત ઘટાડવી પડી અનેં જીછ પાસેથી ખરીદવામાં ટ્રમ્પે મોદીને મજબૂર કર્યા..અને ટ્રમ્પે જાપાન અને દ.કોરીયા ઉપર કોઈ ટેરિફ ન નાખ્યાપ.હવે હરીફાઈ રહી ભારત અને ચીન વચ્ચે ત્યારે સીધુ સમજી શકાય તેમ છે કે ચીનના ભોગે ભારતને કોઈ ફાયદો થાય તેમા દમ નથીપકારણ કેઆથી ચીનને નુકસાન અને ભારતને ફાયદો થશે એવી વાતો અંધ ભક્તિ માટે બરાબર પણ વાસ્તવવાદી નથી..એટલે વિશ્વગુરુ / ૫ ટ્રિલિયન ઈકોનોમી/ આત્મ નિર્ભર ભારત / મેઈક ઈન ઈંડિયા /વિકસિત ભારતના ફડાકા આ બધું દેશની જનતાની આંખમાં ધૂળ નાખી મત મેળવવાની કુસ્તી છે દેશના વિકાસની દિશા નથી.એટલે પ્રભુપ.અમેરિકાના ટેરિફથી ચીનને કોઈ નુકસાન નથી માત્ર મોદીની ડફોળ વિદેશ વેપારનીતિને કારણે ભારતને નુકસાન જ નુકસાન છેપ.અને મારી સમજ કહે છે




ઉર્દૂ સાહિત્ય અકાદમી અને દીર્ઘ મીડિયા દ્વારા ઉર્દૂ ભાષામાં માનવીય સંવેદનાની અભિવ્યક્તિ દર્શાવતો કાર્યક્ર્મ પ્રસ્તુત કરાયો હતો. આ કવિ સંમેલન માં મુખ્ય મહેમાન પદે રીટાયર્ડ આઈપીએસ એમ.એમ.અનારવાલા,ઉર્દૂ સાહિત્ય ગૌરવ પુરસ્કાર વિજેતા ડૉ. સતીન દેસાઈ ' પરવેઝ' ,ઉર્દૂ ભાષા પ્રચારક ઝૈનુલ અંસારી હાજર રહ્યા હતા . શહેર નાં યુવાનો ને ગમતું સાહિત્યીક સરનામું એવા યુથ ઉપનિષદ માં આ કાર્યક્રમ યોજાયો હતો. શહેર નાં ઉર્દૂ રચનાકારો શ્રદ્ધા આહુજા રામાણી,સુફયાન પઠાણ સૂફી,લીના ખેરીયા,મોહમ્મદ યુનુસ, અભિષેક શુક્લ,શબ્બીર હાશ્મી,ડૉ. નઝીમા અંસારી,કવિતા પંત, પ્રણવ ભારતી ,મલ્લિકા મુખર્જી, દેવેન્દ્ર આચાર્ય એ પોતાની નઝમ, શેર,શાયરી ,ગઝલ પ્રસ્તુત કર્યા હતા. જાણીતા ટીવી ફિલ્મ મેકર મનીષા શર્મા એ જણાવ્યું હતું કે આ કાર્યક્રમનાં આયોજન પાછળનો મુખ્ય ઉદેશ્ય ઉર્દૂ ભાષા નાં માધ્યમ થી અભિવ્યક્તિ નો આનંદ પ્રસરાવવાનો છે.

# એલ.એન.સી.ટી.યુનીવર્સીટી, ભોપાલ દ્વારા આયોજીત સાઉથઝોન વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટી જુડોની સ્પર્ધામાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની ૩ જુડોની ખેલાડીઓએ સિલ્વર મેડલ મેળવી ઉત્કૃષ્ટ પ્રદર્શન



એલ.એન.સી.ટી.યુનીવર્સીટી, ભોપાલ દ્વારા આયોજીત સાઉથઝોન વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટી જુડોની સ્પર્ધામાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની ૩ જુડોની ખેલાડીઓએ સિલ્વર મેડલ મેળવી ઉત્કૃષ્ટ પ્રદર્શનએલ.એન.સી.ટી.યુનીવર્સીટી, ભોપાલ દ્વારા આયોજીત સાઉથઝોન વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટી જુડોની સ્પર્ધા યોજાઈ હતી, તેમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની ૩ ખેલાડીઓએ સિલ્વર મેડલ મેળવ્યો હતો, તેમાં- ૪૮ કિ.ગ્રા વેઈટ કેટેગરીમાં રીશીતા કારેલીયાએ;- ૫૭ કિ.ગ્રા વેઈટ કેટેગરીમાં પાયલબા જાડેજા અને- ૭૦ કિ.ગ્રા વેઈટ કેટેગરીમાં ઈવ દોસાનીએ સિલ્વર મેડલ મેળવ્યો હતો.સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની જુડોની ખેલાડીઓ રીશીતા કારેલીયા, પાયલબા જાડેજા અને ઈવ દોસાનીએ આવી વિશિષ્ટ સિદ્ધિ મેળવી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી તેમજ સમગ્ર ગુજરાતનુંફ ગૌરવ વધાર્યું છે. તે માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિશ્રી, ડૉ.મનીષ રાવલ સાહેબ અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝીકલ એજ્યુકેશનના ડાયરેક્ટરશ્રી પ્રો.(ડૉ.) રણછોડ રથવીએ અને સમગ્ર સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી પરીવારે અભિનંદન આપી શુભેચ્છાઓ આપી હતી.આ સમગ્ર સ્પર્ધા માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની જુડો ટીમના કોચ મેનેજર તરીકે ડૉ.વનરાજસિંહ પઢિયારએ સેવાઓ આપી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.